सीताजीनो माहिना.

રાબઇઆંના બનાવેલા તે કવિ રણછોડ:

ગણુરામે સુદ્ધ કરેલા.

છાપવી પ્રસિદ્ધ કરનાર

[illegible]કસેલર મહાદેવ રામચંદ્ર જાગુ

પર ૭૦

અમદાવાદ

ધી ડાયમંડ જ્યુબિલીપ્રીન્ટીંગપ્રેસમાં

દેવીદાસ છગનલાલે છાપ્યા.

સંવત ૧૯૫૫ સને ૧૮૯૯.

૭૨૭૦

સીતાજીના મહિના.

શ્રીગણેશાયનમઃ શ્રીસારદાએનમઃ

શ્રીગુરૂભ્યોનમઃ

અથ શ્રીસીતાજીના બારમાસ

લખ્યાછે.

સખી બેસતાં કારતીક માસ કે,

કંથ સિધાવિયો;

અતિ ટાહાડ કરે ચમકાર,

શિયાળો આવિયો.

સખી નાંખી ગયો નિરધાર,

ગને મુકી પીવડો;
વધી ને થઇ વેરણ રાત,
કે જાય ન જીવડો. માસ ૧
સખી માગશીરે મદ જાયે,
બાળાપણ દોહલું;
જેના પિયુ ગયા પરદેશ,
સુખ નહિ સોયલું.
સખી સુની સુવાની સેજ,
સુન ઘર ઓયડા;
જેના પીઊ ગયા પરદેશ,
તેના દિન દોયલા. માસ ૨

સખીપોષ માસે પરભુમી
પોતાની સાંભરે,
સીતાં ઝુરે એકલડાં આંય,
ઉગ્યો દુખડાં ભરે;
સખી કોઇ આવે લેઇ જાય,
સંદેસો નાથનો;
હજી કાગળ આવ્યો ન કાંઇ,
હરિના હાથનો   માસ ૩
સખી આવ્યો હવે માઘ માસ,
સજન મને સાંભરે;
એવો વાય હિમાળાનો વાય,

દેહી મારી થરથરે;
સખી પોતાના દિલની વાત,
કોની કને બોલીયે;
જીવ જોડાયો રામની સાથ,
અવર શું ન બોલીએ. માસ ૪
સખી ફાગણે ફુલ્યાં ફુલેક,
તરૂ તમામનાં;
પણ પીઉજી વસે નહી પાસ,
ફુલશા કામનાં;
રૂડા ગાય વસંતના રાગ,
હોળી આવી ઢુંકડી;

જેણું વાલા તણો છે વિજોગ,
શાને ભાવે સુખડી. માસ ૫
સખો પીંપળે આવ્યાં પાન,
નાથ નવ આવિયા,
એ રીતે પાંચે માસ,
પીડાથી ગમાવિયા;
સખી અંતરે મારૂં ચિત,
ચિંતાતુર ચાલતું;
વાગ્યો કાગળ કટકો એક,
સંકટ બહુ સાલતું. માસ ૬
સખી વઇશાગે વિપરીત વાત,

કિંમત મારી ના ટકે;
પાકી વનમાં શાંખ ને દ્રાખ,
સુડા માંડી સાટકે;
સખી ઉનાળે લુવાય,
અગન અંગમાં ઝરે;
હોય નાથ વછુટી નાર,
ઝુરી ઝુરી તે મરે. માસ ૭
સખી જોઠે સઈઅરની સાથ,
સરોવર ઝીલતાં;
નીજ પીઊજતાં પરદેશ,
હ્રદયનથી ખીલતાં;

સખી નાથ વિના નાહાઇ ધોઇ

અંબોડા શુ વાળીયે;

વિના સ્વામી વપુ સણગાર,

સકળ હવે ટાળીયે. માસ ૮

સખી આવિયો અષાડ માસ,

વૃષ્ટિ જળ બહુ ઝરે;

બોલે બપૈઆ પીઉ પીઉ બોલ,

અજંપો અતિ કરે;

સખી ઘોર અંધારી રાત,

દમકતી દામની;

સુના ધણી વગરનાં ધોળ,

સેજે શા કામની. માસ ૯

સખી ભરીયાં સરોવર નીર,

શ્રાવણ વરસે સરવડે;

મારા ભીંજાય નવરંગ ચીર,

આંખેથી આંસુ પડે;

સખી પોતાના પીઉ શુ

કરી તે પાળીયે;

બીજા નીચ જન્મેથી નેહ,

તુરત તેહ ટાળીએ માસ ૧૦

સખી ભાદરવે ભરથાર,

રે અમિ લાખીયે;

પાડયાં આજ વિપિનથી નાથ,
કહો કેમ આણીએ;
સખી દુઃખના દહાડા દશવીશ
આઘેરા ઠેલીએ;
એવી લાંઘણો પડજો લાખ,
માયા નવ મેલીએ. માસ ૧૧
સખી સાંભળ્યું આસો માસે,
પથ્થર રામે તારીઆ;
બાંધી સાગર ઉપર પાજ,
વાંદરને ઉતારીઆ,
રોળી નાંખીઓ રાવણ રાય,

સીતા ઘેર લાવીઆ,
અતિ વરત્યો જય જયકાર;
અયોધ્યામાં આવિયા,
આવ્યા ભરથ શત્રુઘ્ન ધાઇ;
ભેટયા સહુ ભાઇને,
રામઈઓ હરીનો દાસ,
સંભળાવે ગાઈને;
નરનારી શીખે સુણે ગાય,
તેને સુખ સહુ મળે;
ભાગે ભાવટ ભવની સરવ,
સુકૃત સેહેજે ફળે;
રૂડા ગાઇને બારે માસ,

બોલો જશ રામનાં;

પોતે શ્રીહરી આપ સમરથ,

પુરે મન કામના. માસ. ૧૨

ઇતિ શ્રી સીતાજીના બાર મહિના

સંપુર્ણ થયા, રામઇઆના બ-

નાવેલા તે રણછોડ ગલુરા-

મના સુધારેલા છે તે

ઘણા રસિક છે.

સમાપ્ત.

દોહરો.

સારસમાસ સુધારિયા,
જુગત કરીને જોડ;
વહાલ ધરી સહુ વાંચજો,
કહે કવિ રણછોડ. ૧

જાહેર ખબર.

સરવે સદ્ગૃહસ્થોને વિનતિ પૂર્વક ખબર આપું છું કે મારે ત્યાંથી સર્વે જાતના પુસ્તકો સસ્તાં અને કીફાયત ભાવથી નીચે દર્શાવેલાં ઠેકાણેથી મળશે માટે પોષ્ટપેડ પત્ર લખી મંગાવવા કૃપા કરવી નોટપેડ પત્ર લેવામાં આવશે નહિ.

માદેવ રામચંદ્ર જાગુષ્ટે

અમદાવાદ.